# વિભાજન- એક આતંક

આલેખન- ડૉ. પ્રકાશ ઝા

(દૃશ્ય: એક આયોજન ચાલી રહ્યું છે.)

ગીત: આઓ બચ્ચોં તુમ્હેં દિખાએં, ઝાંકી હિન્દુસ્તાન કી,
ઇસ મિટ્ટી સે તિલક કરો, યહ ધરતી હૈ બલિદાન કી,
વંદેમાતરમ્.. વંદેમાતરમ્..
આઓ બચ્ચોં તુમ્હેં દિખાએં, ઝાંકી હિન્દુસ્તાન કી,
ઇસ મિટ્ટી સે તિલક કરો, યહ ધરતી હૈ બલિદાન કી,
વંદેમાતરમ્.. વંદેમાતરમ્..

બાળક: દાદાજી...દાદાજી, તમે સાંભળ્યું, આ લોકો કેટલું સરસ ગાય છે?

દાદાજી: વંદેમાતરમ્... વંદેમાતરમ્... શબ્દ જ એવો છે કે એને વારંવાર ગાવાનું, સાંભળવાનું મન થાય.

બાળક: હા દાદાજી. આ વિભાજનનો આતંક શું છે, દાદાજી?

દાદાજી: વિભાજનનો અર્થ નથી ખબર? જ્યારે વિભાજનનો અર્થ જ નથી સમજતો, તો આતંકનો અર્થ કઈ રીતે સમજશે?

અરે બાળકો, આ દેશ આપણો પહેલાં બહુ મોટો હતો. પણ પછી એનું વિભાજન થઈ ગયું.

બાળક: એટલે કે વહેંચી નાખવામાં આવ્યો?

દાદાજી: હા, વહેંચી નાખવામાં આવ્યો પણ વહેંચવું અને વિભાજન અલગ અલગ હોય છે.

ધારો કે તમારી પાસે દસ ચૉકલેટ છે. એને તારે એકબીજા સાથે વહેંચવી છે. તો કઈ રીતે વહેંચશો? પાંચ પાંચ લઈ લેશો...હવે વિચારો કે તમારી પાસે એક જ ચૉકલેટ છે...તો શું કરશો?

બાળક: હું એને તોડીને બે ભાગમાં વહેંચી દઈશ.

દાદાજી: બેટા, તોડવું...એને ખંડિત ખંડિત કરી દેવું...આને જ વિભાજન કહેવાય. અને એનાંથી જે પીડા ઉપજે છે...જે તકલીફ થાય છે એ જ આતંક છે.

બાળક: દાદાજી, વિભાજન તો સમજાઈ ગયું...પણ આ આતંક...વિભાજન...આતંક...

દાદાજી: ચાલો, સમજાવું છું...

ગીત: આઓ બચ્ચોં તુમ્હેં દિખાએં, ઝાંકી હિન્દુસ્તાન કી,
ઇસ મિટ્ટી સે તિલક કરો, યહ ધરતી હૈ બલિદાન કી,
વંદેમાતરમ્.. વંદેમાતરમ્..
આઓ બચ્ચોં તુમ્હેં દિખાએં, ઝાંકી હિન્દુસ્તાન કી,
ઇસ મિટ્ટી સે તિલક કરો, યહ ધરતી હૈ બલિદાન કી,
વંદેમાતરમ્.. વંદેમાતરમ્..

બાળક: દાદાજી, સરખી રીતે જણાવો ને આ વિભાજન કઈ રીતે થયું હતું?

દાદાજી: જણાવું છું... જણાવું છું. ભાગલા વિશે, આપણા દેશનાં વિભાજન વિશે જણાવું છું... ધ્યાનથી સાંભળો... વિભાજન વિશે ઈતિહાસકારોનો જે દૃષ્ટિકોણ છે, એને ધ્યાનથી સાંભળો... ધ્યાનથી સાંભળો અને એને સમજવાનો પ્રયત્ન કરો.

ગીત: હૈ પ્રીત જહાં કી રીત સદા
હૈ પ્રીત જહાં કી રીત સદા
મૈં ગીત વહાં કે ગાતા હૂં
ભારત કા રહનેવાલા હૂં
ભારત કી બાત સુનાતા હૂં
હૈ પ્રીત જહાં કી રીત સદા

સૂત્રધાર એક: અખંડ ભારતનું વિભાજન, અભૂતપૂર્વ માનવ વિસ્થાપન અને મજબૂરીમાં કરાયેલ પલાયનની એક દર્દભરી કથા છે.

સૂત્રધાર બે: જેમાં લાખો લોકો અજાણ્યાઓની વચ્ચે એકદમ વિપરીત પરિસ્થિતિમાં નવું ઠેકાણું શોધી રહ્યાં હતાં.

સૂત્રધાર એક: વિશ્વાસ અને ધાર્મિક આધાર પર એક હિંસક વિભાજનની કથા ઉપરાંત એ વાતની પણ કથા છે કે...

સૂત્રધાર બે: કઈ રીતે એક જીવનશૈલી અને વર્ષો જૂના સહ-અસ્તિતવનો યુગ એકદમ નાટકીય રીતે આથમી ગયો.

સૂત્રધાર એક: લગભગ ૬૦ લાખ હિંદુ, શીખ અને અન્ય સંપ્રદાયના લોકો એ વિસ્તારમાંથી નીકળી ગયાં, જે વિસ્તાર પછીથી પશ્ચિમ પાકિસ્તાન બની ગયો.

સૂત્રધાર બે: ૬૫ લાખ મુસલમાન પંજાબ, દિલ્હી અને ભારતના અનેક ભાગોમાંથી પશ્ચિમ પાકિસ્તાન ચાલ્યા ગયાં હતાં.

સૂત્રધાર એક: ૨૦ લાખ હિંદુ અને અન્ય સંપ્રદાયનાં લોકો પૂર્વ બંગાળ, જે પછીથી પૂર્વ પાકિસ્તાન બન્યું, એ છોડીને પશ્ચિમ બંગાળમાં આવ્યાં.

સૂત્રધાર બે: ૧૯૫૦માં ૨૦ લાખ હિંદુ અને અન્ય ધર્મનાં લોકો પશ્ચિમ બંગાળમાં આવ્યાં.

સૂત્રધાર એક: દસ લાખ મુસલમાન પશ્ચિમ બંગાળ છોડીને પૂર્વ પાકિસ્તાન ચાલ્યા ગયાં.

સૂત્રધાર બે: આ આતંકમાં મૃત્યુ પામેલાઓનો આંકડો લગભગ પાંચ લાખ માનવામાં આવે છે.

સૂત્રધાર એક: પણ આ આંકડો પાંચથી દસ લાખ હોવાનું માનવામાં આવે છે.

ગીત: આંખો સે બહતે, યે દર્દ કી ધારેં<br>
આંખો સે બહતે, યે દર્દ કી ધારેં<br>
છૂટી હુઈ જિંદગી, ખોઈ હુઈ યારેં,<br>
છૂટી હુઈ જિંદગી, ખોઈ હુઈ યારેં,<br>
આંખો સે બહતે, યે દર્દ કી ધારેં<br>
આંખો સે બહતે, યે દર્દ કી ધારેં<br>
છૂટી હુઈ જિંદગી, ખોઈ હુઈ યારેં,<br>
છૂટી હુઈ જિંદગી, ખોઈ હુઈ યારેં,

બાળક: દાદાજી, આ લોકોનાં ઘરબાર છીનવી લેવાયાં છે! મને તો સાંભળીને જ ડર લાગી રહ્યો છે.

દાદાજી: આ ડરવા જેવી વાત તો છે જ બેટા...જરા વિચાર, જે લોકો એ વખતે ત્યાં હશે એમનાં પર શું વીત્યું હશે?

બાળક: દાદાજી, ત્યાં તો મારા જેવાં બાળકો પણ હશે, એમની કેવી હાલત થઈ હશે?

દાદાજી: તારા જેવાં લાખો બાળકો હતાં જેમણે આ બધું પોતાની નજર સામે જોયું હતું અને આજે પણ એ દૃશ્યો યાદ કરીને ધ્રૂજી ઊઠે છે.

બાળક: વધુ જણાવો ને, દાદાજી...

દાદાજી: જણાવું છું... તો સાંભળ બેટા...

ગીત: યે દેખો બંગાલ, યહાં કા હર ચપ્પા હરિયાલા હૈ,<br>
યહાં કા બચ્ચા-બચ્ચા અપને દેશ પે મરનેવાલા હૈ,<br>
આઓ બચ્ચોં તુમ્હેં દિખાએં, ઝાંકી હિન્દુસ્તાન કી,

ઇસ મિટ્ટી સે તિલક કરો, યહ ધરતી હૈ બલિદાન કી,

વંદેમાતરમ્.. વંદેમાતરમ્..

વંદેમાતરમ્.. વંદેમાતરમ્..

શિક્ષક: સિટ ડાઉન.

બાળકો: ગુડ મોર્નિંગ, સર..

શિક્ષક: ગુડ મોર્નિંગ.

બાળકો: સર.. સાંભળો ને.. તમે વિભાજન વિશે કંઈ કહેતા હતા.. તમે કહ્યું હતું કે આપણે ઘણું બધું ગુમાવી દીધું હતું. હવે વિભાજન વિશે આગળ વાત કરો ને.. શું થયું હતું..

શિક્ષક: ૨૦ ફેબ્રુઆરી ૧૯૪૭માં બ્રિટિશ વડાપ્રધાન ક્લેમેન્ટ એટલીએ હાઉસ ઓફ કોમન્સમાં ઘોષણા કરી હતી કે...

બાળક: સર, અહીંથી આગળ હું કહું છું.. મને પણ ખબર છે..

શિક્ષક: હા.. કહે..

બાળક: હા, તો મિત્રો.. સરકારે ૩૦ જૂન ૧૯૪૮ પહેલાં..

શિક્ષક: અરે પૂનમ, ત્યાંથી નહીં, અહીં આવીને કહેને બધાને..

બાળક ૨: જી સર.

હા, તો મિત્રો, સરકારે ૩૦ જૂન ૧૯૪૮ પહેલાં સત્તા સોંપીને ભારત છોડવાનો નિર્ણય કર્યો હતો.

બાળક ૩: સર, હું..

શિક્ષક: હા, કહે..

બાળક ૪: જોકે આખી પ્રક્રિયા લોર્ડ માઉન્ટ બેટનને લીધે એક વર્ષ વહેલી કરી નાખવામાં આવી હતી.

બાળક ૫: હા, સર.. લોર્ડ માઉન્ટ બેટન ૩૧ મે ૧૯૪૭ના રોજ લંડનથી સત્તા સોંપવાની મંજૂરી લઈને નવી દિલ્હી પરત આવ્યા હતા.

બાળક ૬: મને પણ યાદ આવ્યું...૦૨ જૂન, ૧૯૪૭ની ઐતિહાસિક બેઠકમાં વિભાજનની યોજના બાબતે મોટી બહુમતીથી સહમતી મળી હતી.

બાળક ૭: હા સાહેબ... ભારતના વિભાજનનો નિર્ણય એક પૂર્વશરત સમો હતો. ભારત જેવાં દેશનું વિભાજન ધાર્મિક આધાર પર થાય, એ યોજનાનો વ્યાપકપણે વિરોધ થયો હતો.

બાળક ૧: એમ કહેવાય છે કે આ વિભાજન માટે જ તે જ નેતાઓ માનસિકરૂપથી તૈયાર હતાં, જેઓને આ વિભાજનમાં પોતાનું હિત અને ઉજ્જ્વળ ભવિષ્ય દેખાઈ રહ્યું હતું.

શિક્ષક: અરે વાહ બાળકો...આપ સૌ પાસે તો ઘણી માહિતી છે... હવે આ પછીનો વર્ગ આપણે શરુ કરીએ એ પહેલાં એક નાનકડો વિરામ લઈ લઈએ.

બધાં બાળકો: સારું સાહેબ...

ગીત: વંદે માતરમ, વંદે માતરમ
વંદે માતરમ, વંદે માતરમ
વંદે માતરમ, વંદે માતરમ
વંદે માતરમ, વંદે માતરમ

સૂત્રધાર ૧: ભાઈ, વિભાજન અંગે આપનો મત શો છે?

સૂત્રધાર ૨: ભાઈ, વિભાજનને પ્રોત્સાહન આપવાથી સમાજમાં સુધારો થશે. વિવિધ સમુદાયોને તેમના પોતાના અધિકારો મળશે.

સૂત્રધાર ૧: ના, ના, વિભાજનથી આવું કાંઈ જ નહીં થાય, અરે, એકતાથી જ સમાજનો વિકાસ સંભવી શકે છે. આપણે સૌએ એક થઈને સમૃદ્ધિના રસ્તે અગ્રેસર થવું જોઈએ.

સૂત્રધાર ૨: આપની વાતો સારી છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે, વિભાજનથી જ સર્વકાંઈ શક્ય બને છે.

સૂત્રધાર ૧: ના, ના, આપણે  બધાએ મળીને દેશને પ્રગતિના પથ ઉપર લઇ જવો જોઈએ. અને વિભાજનના આતંક્ને દૂર કરવો જ પડશે.

સૂત્રધાર ૨: આપને શું લાગે છે... આપણે સૌ મળીને આ સંદેશ અપનાવી શકીશું?

સૂત્રધાર ૧: કેમ નહીં આપનાવી શકીએ... એ માટે આપણે સૌએ સંગઠિત થઈને રહેવું પડશે અને આ સંગઠિતપણું જ આપણો વારસો છે, જેને આપણે જાળવીને રાખવો પડશે.

સૂત્રધાર ૨: વારુ, પણ અખંડ ભારતના વિભાજન સમયે બીજું શું શું થયું એ તો મને જણાવો...

સૂત્રધાર ૧: આ વિશે તો આપને એ લોકો જ જણાવી શકશે કે જેઓએ એ પીડા ભોગવી છે...

ગીત: વંદે માતરમ, વંદે માતરમ
વંદે માતરમ, વંદે માતરમ
વંદે માતરમ, વંદે માતરમ
વંદે માતરમ, વંદે માતરમ

બાળકો: ગુડ આફ્ટરનૂન, સર...

શિક્ષક: ગૂડ આફ્ટરનૂન... સીટ ડાઉન  હા, તો આગળ વધીએ... આગળ સાંભળો... તો સાંભળો... અખિલ ભારતીય મુસ્લિમ લીગની બેઠક ૯ જૂન ૧૯૪૭ના રોજ નવી દિલ્હીની ઈમ્પીરિયલ હોટેલમાં થઈ હતી.

બાળક ૧: અચ્છા... સાહેબ... સાહેબ... આથી આગળની વાતની મને જાણ છે.

શિક્ષક: અરે પૂનમ, તારી પાસે તો બધી જ માહિતી છે... આમ પણ જ્ઞાન વહેંચવાથી વધે છે... ચાલ, વહેંચ તારું જ્ઞાન.

બાળક ૧: મિત્રો... ત્યાં વિભાજનની માગણીવાળો પ્રસ્તાવ લગભગ સર્વસંમતિથી પસાર થયો.

બાળક ૨: જેના પક્ષમાં ૩૦૦ અને વિરોધમાં માત્ર ૧૦ મત

દાદાજી: ભારતના વિવિધ ભાગોમાં ૧૯૪૬ અને ૧૯૪૭માં થયેલી સાંપ્રદાયિક હિંસાની વ્યાપકતા અને ક્રૂરતા બાબત કેટલીય જગ્યાઓ ઉપર વિસ્તારપૂર્વક પુસ્તકોમાં લખાયું છે. એ જ ભાગોમાં એક હતું બંગાળ, જેની વાત હજી સુધી મેં તમને કહી નથી.

બાળક: તેમાં શું થયું હતું દાદાજી... કહો ને...

દાદાજી: સાંભળો... કહું છું...

સૂત્રધાર ૧: એ ૦૪ માર્ચ, ૧૯૪૭નો દિવસ હતો. પોલીસે હિંદુઓ અને શીખોના એક સરઘસ પર ગોળીબાર કર્યો.

સૂત્રધાર ૨: જોતજોતામાં ૦૬ માર્ચની સવારે અમૃતસર, જલંધર, રાવલપિંડી, મુલતાન અને

સિયાલકોટ સહિત પંજાબનાં તમામ શહેરો રમખાણોની જ્વાળાઓમાં લપેટાઈ ગયાં.

સૂત્રધાર ૧: પંજાબની સરખામણીએ બંગાળમાં દાયકાઓ સુધી વિસ્થાપન અને પુનર્વસનનું સ્વરૂપ બિલકુલ અલગ જ હતું...

સૂત્રધાર ૨: બંગાળનાં લોકો ખૂબ જ કમભાગી હતાં.,,

સૂત્રધાર ૧: કેમ...?

સૂત્રધાર ૨: કેમ કે,,, બંગાળની પ્રજાને બે-બે બખત વિસ્થાપનની પીડા સહન કરવી પડી હતી.

સૂત્રધાર ૧: બે... બે... વખત..

સૂત્રધાર ૨: હા... બે... બે... વખત??

સૂત્રધાર ૧: એક વખત તો તેઓ બધાંને પોતપોતાના ઘર છોડીને પૂર્વ પાકિસ્તાન જવું પડ્યું...

સૂત્રધાર ૨: પછી ત્યાંથી ભાગીને તેઓને પશ્ચિમ બંગાળ જવું પડ્યું...

સૂત્રધાર – ૨: ભાઈ... ત્યાંના અધિકારીઓએ વિભાજનથી ઉદ્ભવેલ સંકટની ભયાવહ્તાને ઘટાડીને આંકણી કરી હતી.

સૂત્રધાર ૧: હજારો-લાખો હિંદુ પરિવાર ઢાકા અને તેની આસપાસથી ભાગીને સિયાલદહ પહોંચ્યાં હતાં.

સૂત્રધાર ૨: એટલી સરળતાથી પહોંચ્યાં ન હતાં... રસ્તામાં બધી જ મહિલાઓ પાસેથી ઘરેણાં છીનવી લેવામાં આવ્યાં હતાં... તેઓને અનેકવિધ રીતે યાતનાઓ આપવામાં આવી હતી...

સૂત્રધાર ૧: બાળકીઓ, મહિલાઓ તેમજ વૃધ્ધાઓ સાથે અમાનવીય વ્યવહાર કરવામાં આવ્યો હતો...

સૂત્રધાર ૨: મહિલાઓ હોય, બાળકો હોય કે વૃધ્ધો હોય, સૌ કોઈ સાથે દુર્વ્યવહાર થયો હતો...

સૂત્રધાર ૧: હા, સાચી વાત છે... વિભાજન દરમ્યાન મહિલાઓને ખૂબ જ નુકસાન વેઠવું પડ્યું હતું.

સૂત્રધાર ૨: લાખો પરિવાર પોતપોતાનાં સંબંધીઓથી વિખૂટા પડી ગયા હતાં.

સૂત્રધાર ૧: એટલું જ નહીં, કેટલાંય લોકો આગગાડીમાં જીવતાં ચડ્યાં પણ બીજી તરફ પહોંચતાં સુધીમાં લાશના ઢગલા બની ગયાં હતાં...

**(બાળક રુદન કરવા માંડે છે...)**

દાદાજી: રડવાનું નહીં, ચૂપ થઈ જા...

બાળક: દાદાજી, ઢાકાથી આવેલા એ લોકોનું શું થયું, જેઓનું સર્વસ્વ લૂંટાઈ ગયું.

દાદાજી: એમની પણ કહાણી ગજબ છે, બાળક... કહેવાય છે ને, ન ઘરનાં રહ્યાં કે ન ઘાટનાં...

બાળક: એમ કેમ... ?

દાદાજી: તેઓ પોતાનાં ઘરબાર છોડીને જયારે ફરીથી આ દેશમાં આવ્યાં... તો પોતાનાં જ ઘરમાં તેઓ નિરાશ્રિત બની રહ્યાં.

ગીત: આંખો સે બહતે, યે દર્દ કી ધારેં
આંખો સે બહતે, યે દર્દ કી ધારેં
છુટી હુઈ જિંદગી, ખોઈ હુઈ યારેં.
છુટી હુઈ જિંદગી, ખોઈ હુઈ યારેં.

પાત્ર ૩: પૂર્વ પાકિસ્તાનથી એટલાં બધાં લોકો બંગાળ પરત આવી ગયાં કે કોઈના પણ ઘરમાં પોતાનાં સંબંધીઓને રાખવા એક ઈંચ જગ્યા પણ બચી નહીં.

પાત્ર ૪: પશ્ચિમ બંગાળ સરકારે ચટગાંવ, નારાયણગંજ, બારીસાલ અને ચાંદ્પુરથી શરણાર્થીઓને કલકત્તા લાવવા માટે પંદર સ્ટીમરોની વ્યવસ્થા કરી.

પાત્ર ૩: પૂર્વ પાકિસ્તાનના લોકોએ જળમાર્ગે પલાયન કર્યું હતું. કેટલીએ નૌકાઓ પાણીમાં ડૂબી ગઈ હતી. થોડા દિવસો પછી લાશોની લાશો પાણીની સપાટી પર તરતી હતી.

પાત્ર ૩ + ૪: એવું અમારી જમીનના હિસ્સામાં શું ખાસ હતું? જેને હાંસલ કરવા માટે અમારી પાસેથી અમારી દરેક વસ્તુ છીનવાઈ ગઈ......

પાત્ર ૩: ભાગલાની જ્વાળાઓ બંગાળ, પંજાબ, ગુજરાત, સિંધ એમ ચારે બાજુ સળગી રહી.

પાત્ર ૪: સિંધના લોકો વિસ્થાપિત થઈને અહીં આવ્યા પરંતુ... એમને સિંધ પ્રાંત ન મળ્યો...
સૂત્રધાર - સિંધમાંથી યાદ આવ્યું, મોટાભાગના સિંધી પરિવારો રાજસ્થાનમાં આવ્યા હતા.
(સિંધી પરિવાર તરીકે)

સિંધી પુરુષ: ભાગલા પછી પાકિસ્તાનમાંથી લાખો શરણાર્થી ભારતમાં આવ્યા. અને રાજસ્થાન એવા રાજ્યોમાં સામેલ હતું જ્યાં મોટાભાગના શરણાર્થીઓ આવ્યા.

સિંધી મહિલા: રાજસ્થાનમાં અમારા જેવા શરણાર્થીઓ માટે રાહત અને પુનર્વસનની વ્યવસ્થા કરવી એ એક મોટો પડકાર હતો.

સિંધી પુરુષ: અમારા આગમનથી રાજસ્થાનના સાંસ્કૃતિક તાણાંવાણાંમાં પણ પરિવર્તન આવ્યું. અમે અલગ અલગ દેખાવા લાગ્યા. અમારી સંસ્કૃતિ, ભાષા અને રીતરિવાજો બધું બદલાઈ ગયું.

સિંધી સ્ત્રી: સિંધમાં તો અમારો મોટો વેપાર હતો. અહીં અમારા બાળકોને બે ટાઈમનું ભોજન પણ મળતું નથી.

સિંધી પુરુષ: અમારી બધી દુકાનો અને ઘર-બાર ત્યાં લૂંટાઈ ગયા.

સિંધી સ્ત્રીઃ બાબુ અમે એ રાતને કેવી રીતે યાદ કરીએ... જ્યારે હું મારા બાળકોને ખોળામાં લઈને ભાગી હતી.

સિંધી પુરુષ: દોડતા, ભાગતા, બચતા, બચાવવાનો પ્રયત્ન કરતા જેમ તેમ રાજસ્થાનના બિકાનેરમાં દૂરના સંબંધીના ઘરે પહોંચ્યાં.

સિંધી સ્ત્રી: અમારા ઘણા સંબંધીઓ તો રસ્તામાં જ છૂટાં પડી ગયાં, અને અમે તેમને આજ સુધી જોઇ શક્યા નથી. કેટલાક લોકો તો ઝુઝુનુમાં રોકાઈ ગયાં.

સિંધી મહિલા: એ પણ બિચારા કેટલા દિવસ પોતાની સાથે રાખી શકે? અંતે થાકી હારીને શરણાર્થી કેમ્પમાં આવવું પડ્યું. હસતાં ખેલતાં પરિવાર, ગામ, શહેરો, કેવી રીતે બરબાદ થઈ જાય છે એ તો

કોઈ અમને પૂછે.

(બંને ચીસો પાડી રડવા લાગે છે)

ગીત: આંખો સે બહેતી યે દર્દ કી ધારે
આંખો સે બહેતી યે દર્દ કી ધારે
ખોઈ હુઈ જિંદગી, છૂટી હુઈ યારે
ખોઈ હુઈ જિંદગી, છૂટી હુઈ યારે

બાળક: દાદાજી... હવે મારે કંઈ સાંભળવું નથી..

સૂત્રધાર ૧ + ૨ : જ્યાં જીવનની દરેક સવાર સ્મિતથી ભરેલી હતી...ત્યાંનું દ્રશ્ય જોઈને આંસુ પણ લોહી થઈ ગયા...

પાત્ર ૩ + ૪: ના હૈ જ્યાદા દર્દ તેરે ભાર કા કંધે પર
જબ તૌલતા હું, ઉસે દહશત, જંગ ઔર ક્રૂરતા સે

પાત્ર ૧: વિભાજનની વિભીષિકામાં પોતાના પ્રાણ ગુમાવનાર અને
વિસ્થાપનની પીડા સહન કરનારા લાખો ભારતીયોને લાખો સલામ.

પાત્ર ૧: ભારતની એકતા અને અખંડિતતાના રક્ષણ માટે દરેકે
સાથે મળીને કામ કરવું પડશે.

પાત્ર ૨: વિભાજન માટેની રાજકીય રમતમાં, એક ભાઈની સામે
બીજા ભાઈના મનમાં ઝેર ભરવામાં આવ્યું.

પાત્ર ૪: આ ઝેરથી માણસે માણસને માર્યો , માણસે માણસને વિભાજિત કર્યો. માણસે માણસને ખોયો. આપણા અખંડ ભારતનું વિભાજન થયું.

બધા: આપણે ગેરમાર્ગે દોરાવાનું નહીં.

પાત્ર ૧: ભારત દેશને અખંડ રાખવાનો છે .

બધા: ભારત દેશને અખંડ રાખવાનો છે.

પાત્ર ૪: હવે અમે કોઈ રાજકીય જાળમાં ફસાઈશું નહીં .

બધા: હવે અમે કોઈ રાજકીય જાળમાં ફસાઈશું નહીં.

પાત્ર ૪: અખંડતા અને એકાગ્રતા સાથે,આપણે આપણી ભારત માતાને સુખ અને શાંતિથી વિકસિત બનાવીશું.

બધા :		આપણે આપણી ભારતમાતાને વિકસિત બનાવીશું.

તો ચાલો આપણે સૌ સંકલ્પ કરીએ...

ભારત માતાની જય.  ભારત માતાની જય

ગીત:		વંદે માતરમ... વંદે માતરમ...

વંદે માતરમ... વંદે માતરમ...

વંદે માતરમ... વંદે માતરમ...

વંદે માતરમ... વંદે માતરમ...

-------------------------------------------------------------------------------